"જળ બચાવો – જીવન બચાવો"

# સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ.

(ગુજરાત સરકારની સંપૂર્ણ માલિકીનું સાહસ)

કાર્યપાલક ઇજનેર, તપાસ એકમ,
બ્લોક નં.૧૨/૬, નવા સચિવાલય કોમ્પ્લેક્ષ, ગાંધીનગર.
ફોન:-૦૭૯-૨૩૨૫૨૭૩૪, ૨૩૨૫૨૭૩૨ (ફેક્સ નં:-૦૭૯-૨૩૨૫૨૭૩૦

જા.નં. કા.ઇ./તપાસ-એકમ/લેબોરેટરી/તપસ-૭૦૨/૭૮૮/૨૦૧૯ તા.૨૭/૦૮/૨૦૧૯.

પ્રતિ,
AHMEDABAD ENGINEERING RESEARCH INSTITUTE,
G-4, Ground Floor, New York Tower 'A',
Opp.Muktidham, Thaltej Cross Road,
Ahmedabad-380 054,
Gujarat.

વિષય :- માલસામાનના પરિક્ષણો માટે ખાનગી પ્રયોગશાળાને માન્યતા આપવા બાબત.
સંદર્ભ :- આપની તા.૦૩-૦૮-૨૦૧૯ની અરજી.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ હેઠળની અરજીથી આપશ્રી દ્વારા આપની ખાનગી પ્રયોગશાળાને માન્ય પ્રયોગશાળા તરીકે માન્યતા રિન્યુઅલ કરી આપવા માટે માંગણી કરવામાં આવેલ છે. આપશ્રી દ્વારા રજુ કરેલ દસ્તાવેજ અનુસાર આપની લેબોરેટરીને અનુક્રમે એન.એ.બી.એલ.ના પ્રમાણપત્ર નં.ટીસી-૬૬૨૯ તા.૦૫-૧૨-૨૦૧૯ સુધી માન્યતા મળેલ છે. તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી,(માર્ગ અને મકાન) વિભાગ, અમદાવાદ દ્વારા આપની લેબોરેટરીને માન્યતા તા.૩૦/૦૬/૨૦૧૯ સુધીની મળેલ જેની અવધિ પુરી થઈ ગયેલ છે.

જેના અનુસંધાને આપની લેબોરેટરીને ટેસ્ટીંગ માટે તા.૩૧-૦૮-૨૦૨૨ સુધીના સમયગાળા માટે નીચે દર્શાવેલ **શરતોને આધીન નિગમ હેઠળ ચાલતાં કામોના કવોલીટી એસ્યોરન્સ કલોઝ હેઠળ કરવામાં આવતા ટેસ્ટીંગ કરવા માટે NABLના પ્રમાણપત્રમા દર્શાવેલ ટેસ્ટ માટેની માન્યતા આપેલ હોય તે મુજબના ટેસ્ટ માટેની માન્યતા મંજૂર કરવામાં આવે છે.**

**શરતો :-** (૧) કા.ઈ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, અમદાવાદએ લેબોરેટરીને માન્યતા લંબાવેલ સર્ટી.
(૨) તા.૦૫-૧૨-૨૦૧૯ પછી NABL ACCREDITATION માન્યતા લંબાવેલ સર્ટી.

ઉપરોક્ત શરતોમાં દર્શાવેલ સર્ટી. મેળવી અત્રેની કચેરીને જાણ કરવાની શરતે આપની લેબોરેટરીને નિગમ હેઠળ ચાલતા કામોના ટેસ્ટ કરવા માટે વધુ ત્રણ વર્ષ માટે એટલે કે તા.૩૧-૦૮-૨૦૨૨ સુધીના સમયગાળા માટે મંજુરી આપવામાં આવે છે. જો તા.૩૧-૧૨-૨૦૧૯ પછી આપના દ્વારા સત્વરે સર્ટી. સાદર કરવામાં નહી આવે તો આ માન્યતા આપોઆપ રદ થયેલી ગણાશે. જેની નોંધ લેશો.

પ્રસ્તુત બાબતની અત્રેની કચેરીના સમાંનાંકી ફાઇલના નોંધ ઉપર મુખ્ય ઇજનેરશ્રી (ગુ.નિ.), સ.સ.ન.નિ.લિ., ગાંધીનગરની મંજુરી મેળવવામાં આવેલ છે.

(એસ.સી.રાઠોડ)
કાર્યપાલક ઈજનેર
તપાસ એકમ,
સ.સ.ન.નિ.લિ.,ગાંધીનગર

➢ **નકલ સાદર રવાના પ્રતિ,**
(૧) મુખ્ય ઇજનેરશ્રી(ગુ.નિ.), સ.સ.ન.નિ.લિ.,ગાંધીનગર તરફ જાણ સારૂ.
(૨) મુખ્ય ઇજનેરશ્રી(ડેમ અને વડોદરા), વડોદરા તરફ જાણ સારૂ તથા જરૂરી કાર્યવાહી સારૂં.
(૩) મુખ્ય ઇજનેરશ્રી(મુખ્ય નહેર),સ.સ.ન.નિ.લિ, તરફ જાણ સારૂ તથા જરૂરી કાર્યવાહી સારૂં.
(૪) મુખ્ય ઇજનેરશ્રી(અમદાવાદ),સ.સ.ન.નિ.લિ, તરફ જાણ સારૂ તથા જરૂરી કાર્યવાહી સારૂં.
(૫) મુખ્ય ઇજનેરશ્રી(મહેસાણા),મહેસાણા તરફ જાણ સારૂ તથા જરૂરી કાર્યવાહી સારૂં.

Scanned by CamScanner